ડાયરેક્ટ ❤ સે

બધી જ ઇચ્છાઓ
પૂરી થઈ ગઈ
એવું માની લઈએ
ચાલો થોડું
પોતાની જાતને જ
એપ્રિલ ફૂલ
બનાવી લઈએ

જન્મદિને વધામણી

આરવ આર સોની
મો. ૯૪૨૮૩ ૫૫૯૪૬

રોનકજી રોહિતજી મકવાણા
મો. ૯૯૦૪૦ ૩૮૨૫૧

માહી કૉમર્સ ઝોન દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામોનું વિતરણ

માહી કોમર્સ ઝોનમાં ધોરણ ૧૨ના વિદ્યાર્થીને ઔપચારીકતા પુરતી વિદાય આપેલ તથા તેના સંચાલકે જણાવેલ કે તમે બધા વિદ્યાર્થીઓ આ સંસ્થાનો પાર્ટ કાયમ માટે રહેશો, તેમજ ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓએ પણ પોતાના સારા અનુભવો શેર કરેલા અને વિદ્યાર્થીઓને સર કઈ રીતે મદદરૂપ થયેલ તેના વિશે જણાવેલ ઉપરાંત ધોરણ ૧૧ ની વિદ્યાર્થીની સુથાર વિધી હસમુખભાઈ પ્રથમ પરીક્ષામાં ૯૬% સાથે આર.જી.સ્કૂલમાં પ્રથમ ક્રમે તથા બીજી પરીક્ષામાં ૯૬.૮૫% સાથે બીજા ક્રમે આવેલ છે તો તેને ૧૦૦૦૦ રૂા.નો ચેક અને નાયક રીયા બીજી પરીક્ષામાં ૯૭.૭૧% સાથે આર.જી.સ્કૂલમાં પ્રથમ ક્રમે આવેલ છે તો તેને ૫૦૦૦ રૂા.નો ચેક પ્રોત્સાહન રૂપે આપવામાં આવ્યો હતો. આવા અવાર-નવાર ઈનામો તથા મોટીવેશનલ કાર્યક્રમ આપવામાં આવેલ છે. સાથે સાથે બપોરના ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવેલી જેથી વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા કેળવી શકાય. માહી કોમર્સ ઝોન માને છે કે આજના સમયમાં માત્ર પુસ્તકીયુ જ્ઞાન નહીં પરંતુ પ્રેકટીકલ જ્ઞાન આધારીત શિક્ષણ હોવુ જોઈએ. જે શિક્ષક તમારા બાળકને સમજી શકે તથા તેના માટે અનુકુળ વાતાવરણ સર્જી શકે તેવા હોવા જોઈએ.

સરકારી વિજ્ઞાન અને વાણિજ્ય કૉલેજ, ગાંભોઈ ખાતે

વાર્ષિકોત્સવ, દિક્ષાંત અને પુરસ્કાર વિતરણ સમારોહ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૧

સરકારી વિજ્ઞાન અને વાણિજ્ય કૉલેજ, ગાંભોઈ ખાતે પહેલી વાર વાર્ષિકોત્સવ, દિક્ષાંત અને પુરસ્કાર વિતરણ સમારોહનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

આ સમારોહના પ્રમુખ સ્થાને પૂર્વ સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ જી ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડના સ્વામી ધૃવદેવજી પરિવ્રાજકે આશીર્વચન અને દિક્ષાંત પ્રવચન આપ્યું હતું.

પોતાના પ્રવચનના માધ્યમથી તેમણે આપણી પ્રાચીન શિક્ષણ પદ્ધતિ, વર્ણાશ્રમ વ્યવસ્થા અને વૈદિક સંસ્કૃતિનાં મૂળ સિદ્ધાંતોથી વિદ્યાર્થીઓ અને મહેમાનોને અવગત કરાવ્યા હતા. આ સાથે મનુષ્ય જીવનના ઉદ્દેશ્યો અને આદર્શ જીવન પદ્ધતિથી પોતાનો, સમાજનો અને રાષ્ટ્રનો વિકાસ કેવી રીતે કરી શકાય તે અંગે માર્ગદર્શન પણ તેમણે પાઠવ્યું હતું. તેમણે વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓને ધર્મ, સત્ય, અહિંસા વગેરે નૈતિક ગુણોને ધારણ કરવા અનુરોધ કર્યો હતો. આ અવસરે તેમના તરફથી વૈદિક સાહિત્યનું નિઃશુલ્ક વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના અંતે કૉલેજના કાર્યકારી આચાર્ય ડૉ. ભાવ પ્રકાશ ગાંધીએ સૌના પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
નામ શબાના
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦
સ્ક્રીન-૩
એ લાસ્ટ કોન્જરીંગ
(અંગ્રેજી-ફોર ઍડલ્ટ્સ)
૩.૦૦, ૭.૩૦, ૯.૪૫
એ લાસ્ટ કોન્જરીંગ
(હિન્દી-ફોર ઍડલ્ટ્સ)
૫.૧૫
સ્ક્રીન-૪
બદ્રીનાથ કી દુલ્હનિયા
૧.૦૦
ફિલૌરી
૪.૦૦
પ્રેમજી (ગુજરાતી)
૭.૦૦
સ્ક્રીન-૫
નામ શબાના
સવારે ૧૦.૦૦
ફિલૌરી
૧૨.૪૫, ૬.૪૫
બદ્રીનાથ કી દુલ્હનિયા
૩.૪૫, ૯.૪૫

ગજાનન સેવા સમિતિનું અન્ન વિતરણ સેવા કાર્ય

ગાંધીનગરની ગજાનન સેવા સમિતિ દ્વારા ચૈત્ર સુદ એકમના દિવસે સમિતિ સ્થાપિત વડવાળા હનુમાન જુની મૂર્તિની પૂજા મફતભાઈ વાઘેલા દ્વારા કરવામાં આવી હતી. આ ૧૦ ફૂટ ઊંચી મૂર્તિ હિંમતનગર તાલુકાના નવલપુર ગામે મુખ્ય રસ્તાની બાજુમાં આઠ વર્ષ પહેલા સ્થાપિત કરાઈ હતી. આ પૂજા બાદ સુનોક અને ખારી મુકામે કુલ ૧૩૦ વૃદ્ધ નિરાધારોને ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરણ કરાયું હતું. આ માટે કુલ ૮ ગામના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વિતરણ કાર્ય માટે ૧૩૦ પેકેટ ચોખા આત્મન્ ફાઉન્ડેશન તરફથી અપાયાં હતા. આ સેવા કાર્યમાં સંદિપસિંહ ચાવડા, મિલિંદ ગુમ્રે તથા ઉર્મિલા ઝણકાર જોડાયા હતા.

‘ઓટીઝમ’ : બચી ભલે ન શકાય, લડી ને ટકી તો શકાય

બીજી એપ્રિલ એટલે વિશ્વ ‘ઓટીઝમ’ જાગરૂકતા દિવસ. આ દિવસે ઓટીઝમથી ગ્રસ્ત બાળકો અને મોટેરાઓનાં જીવનમાં સુધાર લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. ઓટીઝમથી પીડિત વ્યક્તિ આ બિમારી સાથે સાર્થક જીવન જીવી શકે એ માટે મદદ કરવા સારુ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા ૨૦૦૭માં બીજી એપ્રિલે વિશ્વ ઓટીઝમ જાગરૂકતા દિવસની ઘોષણા કરવામાં આવી હતી. નીલા (આસમાની) રંગને ઓટીઝમના પ્રતીક તરીકે સ્વીકારવામાં આવ્યો છે.

ભારતના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના જણાવ્યા અનુસાર ૧૧૦માંથી એક બાળક ઓટીઝમનો શિકાર બને છે અને પ્રતિ ૭૦ બાળકે એક બાળક આ બીમારીથી પ્રભાવિત થાય છે.

ઓટીઝમની બીમારી ન માત્ર બાળકોમાં, પરંતુ મોટેરાઓમાંય હોય છે. ફર્ક માત્ર એટલો હોય છે કે બાળકોમાં આ બીમારીનાં લક્ષણો સહેલાઈથી પારખી શકાય છે અને મોટેરાઓમાં તે જલદીથી પારખી શકાતાં નથી.

ઓટીઝમ શું છે ?

ઓટીઝમ એ મગજના વિકાસમાં અવરોધરૂપ બિમારી છે, જે મગજના વિકાસ સમયે જ હાવી થાય છે. આ એક એવો રોગ છે કે જેમાં રોગી નાનપણથી જ બહારની દુનિયાને બદલે પોતાની અંદરની દુનિયામાં ખોવાઈ જાય છે. આ એક પ્રકારનો ન્યૂરોલૉજીકલ ડિસઑર્ડર છે, જે વાતચીત અને અન્ય લોકો સાથે વ્યવહાર કરવાની વ્યક્તિની ક્ષમતાને સીમિત કરી નાખે છે. ઑટીઝમથી પીડિત બાળકનો વિકાસ સામાન્ય બાળકની તુલનામાં ઘણો ધીમો જોવા મળે છે.

ઓટીઝમનાં લક્ષણ

- બોલચાલ અને શાબ્દિક ભાષામાં ઘટાડો થવો.
- અન્ય લોકો સાથે ખુલીને વાત ન કરી શકાવું
- એકલા રહેવું વધારે પસંદ આવવું
- કોઈપણ વાતની પ્રતિક્રિયા આપવામાં ઘણો સમય લગાવવો
- દરરોજ એક જ સરખું કામ કરવું કે રમત રમવી
- સાંભળેલા કે પોતાના દ્વારા બનાવાયેલા શબ્દોનું વારંવાર ઉચ્ચારણ કરવું
- કોઈની સાથે આંખો મિલાવીને વાત કરવામાં ગભરાવું
- ખૂબ વધુ ડર લાગવો

ઓટીઝમનાં કારણ

અલબત્ત, અત્યાર સુધીનાં સંશોધનોથી ઓટીઝમ થવા માટેના મુખ્ય કારણનો પતો નથી લગાવી શકાયો પરંતુ કેટલાંક કારણો આ રોગ માટે જવાબદાર જણાયાં છે :

- જન્મ સંબંધી તકલીફ
- બાળકના જન્મ પહેલાં અને પછી જરૂરી રસીઓ ન અપાવવી
- ગર્ભવતીનું ખાન-પાન યોગ્ય ન હોવું
- ગર્ભાવસ્થા દરમિયાન ગર્ભવતીને કોઈ ગંભીર બીમારી અને મગજની ગતિવિધિઓમાં અસામાન્યતા
- મગજમાં રસાયણોની અસામાન્ય સ્થિતિ
- સમય પહેલાં બાળકનો જન્મ અથવા બાળકનો ગર્ભમાં યોગ્ય વિકાસ ન થવો

પ્રસંગસર
કુંતલ નિમાવત
knn786@gmail.com

ઉલ્લેખનીય છે કે છોકરીઓ કરતાં છોકરાઓ આ બીમારીનો શિકાર બને એવી શક્યતાઓ વધુ હોય છે. આ બીમારી ઓળખવાનો કોઈ નિશ્ચિત ઉપાય નથી. અલબત્ત, નિદાન જલદી થઈ જાય તો દર્દીની સ્થિતિમાં સુધાર લાવવા માટે ઘણું કરી શકાય એમ છે. આ બીમારી દુનિયાભરમાં જોવા મળે છે અને તેનો ગંભીર પ્રભાવ બાળકો, પરિવારો, સમૂહ અને સમાજ ઉપર પણ જોવા મળે છે.

ઓટીઝમનો ઇલાજ

ઓટીઝમ એક પ્રકારની વિકાસ સંબંધી બીમારી છે, જેને સંપૂર્ણ રીતે ઠીક કરવી તો શક્ય નથી. પરંતુ યોગ્ય પ્રશિક્ષણ અને પરામર્શનથી દર્દીને ઘણું શીખવી શકાય છે. દર્દી આ બીમારી સાથે જ સરળતાથી જીવી શકે એ માટે એને તૈયાર કરી શકાય છે. યાદ રહે કે ઓટીઝમ એ આજીવન સાથે રહેનારી સમસ્યા છે, જેના સંપૂર્ણ ઈલાજ માટે મનોચિકિત્સકનો સંપર્ક કરવો જોઈએ. જલદીમાં જલદી ઓટીઝમને ઓળખીને તુરંત મનોચિકિત્સકની સલાહ લેવી એ આ રોગનો સૌપ્રથમ ઈલાજ છે.

ઓટીઝમગ્રસ્ત બાળકને સહાય

- બાળકને શારીરિક રમતો માટે પ્રોત્સાહિત કરો
- રમતાં-રમતાં એમને નવા શબ્દો શીખવો
- પહેલાં એને સમજાવો અને પછી બોલતાં શીખવો, રોજિંદા શબ્દોનો વારંવાર ઉપયોગ કરવાથી બાળકને બોલતાં શીખવી શકાય છે
- એમની સાથે નાનાં-નાનાં વાક્યોમાં વાત કરો
- રમકડાં સાથે રમવાની યોગ્ય પદ્ધતિ એમને શીખવો
- બાળકને તણાવમુક્ત રાખો
- બાળકનો ધુત્કારો નહીં, પરંતુ એના પર વિશેષ ધ્યાન આપો
- એમની સાથે રમતાં બાળકો, લોકોની સંખ્યા ધીરે-ધીરે વધારતા રહો
- જો બાળક બોલી શકતો હોય તો એને બોલવા માટે પ્રોત્સાહિત કરીને વારંવાર બોલાવતા રહો
- અન્ય લોકોને પણ બાળક સાથે બોલવા માટે પ્રેરિત કરો
- કોઈ બાળક એક જ પ્રવૃત્તિ વારંવાર કરે છે તો તેને એમાંથી છોડાવવા માટે બીજાં કામોમાં વ્યસ્ત રાખો
- બાળક કંઈક ખોટું વારંવાર કરે તો એને એવું કામ આપો જે એને પસંદ નથી
- બાળકને પ્રોત્સાહન માટે રંગબેરંગી, ચમકતી અને સરળતાથી ધ્યાન ખેંચે તેવી ચીજોનો ઉપયોગ કરો
- તકલીફ વધારે લાગે તો તુરંત મનોચિકિત્સક દ્વારા આપવામાં આવેલી દવાનો ઉપયોગ કરો

મોટાભાગે થાય છે એવું કે જ્યારે બાળક સાવ નાનું હોય ત્યારે વાલીઓ એમ સમજે છે કે બાળક પાસે વાણી નથી. હકીકતે તેની પાસે વાણી તો હોય છે, ભાષા નથી હોતી. એટલે આ બાબતની ગંભીરતા સમજીને વાલીઓએ વહેલી તકે આ રોગને ઓળખીને બાળકની ભાષા અને તેના સોશિયલાઈઝેશન માટે કામ શરૂ કરી દેવું જોઈએ.

- ઉપાસના રાઠોડ, વાલી અને પ્રશિક્ષક

ઓટીઝમ સામે લડવાનો સૌથી અસરકારક ઉપાય એ છે કે બધા જ વાલીઓને જન્મવિકાસનાં પગથિયાંની ખબર હોવી જ જોઈએ. જો આમાં ક્યાંક ચૂક થાય તો તરત જ સક્રિય થવું જોઈએ અને બાળરોગ નિષ્ણાત તબીબનો સંપર્ક કરવો જોઈએ અને તેમની સલાહ મુજબ આગળ વધવું જોઈએ.

- જિજ્ઞેશ રાવલ, પ્રશિક્ષક

ઓમ લૅન્ડમાર્ક સ્કૂલનો વાર્ષિકોત્સવ મંગળવારે

ગાંધીનગર, તા. ૧

ઓમ ઍજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ, ગુજરાતી માધ્યમનો વાર્ષિકોત્સવ ‘ઉડાન’ ઓમ ઍજ્યુકેશન કૅમ્પસ, મોટા ચિલોડા, ગાંધીનગર ખાતે ૪ એપ્રિલ ને મંગળવારના રોજ યોજવામાં આવ્યો છે. ગુજરાતી માધ્યમના પ્રિન્સિપાલ પરેશ ગઢવી તથા વાઇસ પ્રિન્સિપાલ હરીશ ગોહિલે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે સાંજે ૭.૩૦ કલાકે આયોજિત ‘ઉડાન’ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ સાંસ્કૃતિક કૃતિઓનું પ્રદર્શન કરવામાં આવશે. વિદ્યાર્થીઓના આ કલા કૌશલને બિરદાવવા અને તેમને પ્રોત્સાહિત કરવા માટે તેમણે સૌ વાલીઓને આ કાર્યક્રમમાં પધારવા માટે નિમંત્રણ પાઠવ્યું છે.

યુનિવર્સિટી અધ્યાપકો, કર્મચારીઓને હવે ગમે ત્યારે છૂટા નહીં કરી શકે

ગાંધીનગર, તા. ૧

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજોના સંચાલકો પોતાના અધ્યાપક અથવા તો વહીવટી કર્મચારીઓને ધારે ત્યારે છૂટા કરી શકતાં હતા. અત્યાર સુધીમા અંદાજે ચારથી પાંચ જેટલા કિસ્સાઓમાં અધ્યાપક અથવા તો કર્મચારીઓને છૂટા કરી દેવાતા તેઓએ કોર્ટનો આશરો લેવો પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. શુક્રવારે મળેલી સેનેટની બેઠકમાં અધ્યાપકો અને વહીવટી કર્મચારીઓને છૂટા કરવા માટે યુનિવર્સિટીની પૂર્વ મંજુરી લેવી પડશે તેવો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ નિર્ણયના કારણે અધ્યાપકો અને અસંખ્ય કર્મચારીઓને રાહત થાય તેવી સ્થિતિ ઊભી થઈ છે. ગુજરાત એફિલિયેટેડકોલેજીસ સર્વિસીઝ ટ્રિબ્યુનલ એક્ટ રદ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે આ ટ્રિબ્યુનલ અમલમાં આવી તે પહેલા જે જોગવાઇ હતી તે આપોઆપ પુનઃપ્રસ્થાપિત થઈ જતી હોય છે. ગુજરાત કોલેજીસ સર્વિસ ટ્રિબ્યુનલ એક્ટ ૧૯૮૨ ના એક્ટમાં એવી વ્યવસ્થા હતી કે કોઈપણ કોલેજ કર્મચારી સામે સંચાલક મંડળ શિક્ષાત્મક કાર્યવાહી કરવા ઇચ્છતાં હોય તો સૌથી પહેલા યુનિવર્સિટીના કુલપતિની મંજૂરી લેવાની રહેશે. રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬માં ગુજરાત એજ્યુકેશનલ ઈન્સ્ટિટયુટ સર્વિસીઝ ટ્રિબ્યુનલ એક્ટ અમલમાં લાવવામાં આવ્યો હતો. આ કાયદાનો અમલ થતાં ગુજરાત એફિલિયેટેડકોલેજીસ સર્વિસીઝ ટ્રિબ્યુનલ એક્ટ ૧૯૮૨ રદ થતાં તેની જોગવાઇઓ પણ રદ થાય તેમ હતી. જેના કારણે એવી સ્થિતિ ઉભી થઈ હતી કે ગુજરાત યુનિવર્સિટી એફિલિયેટેડકોલેજના કર્મચારીઓ સામે સંચાલક મંડળ શિક્ષા કરવા ઇચ્છતાં હોય તો યુનિવર્સિટીના કુલપતિની પૂર્વ મંજુરી લેવાની રહેતી નથી. આ પરિસ્થિતિનો લાભ લઈને કેટલીક કોલેજના સંચાલકોએ પોતાના અધ્યાપકો અને વહીવટી કર્મચારીઓને રાતોરાત નોકરીમાંથી છૂટા પણ કરી દીધા હતા. હાલમાં આ પ્રોફેસરો કોર્ટમાં કેસ લડી રહ્યા છે. ગુજરાત એફિલિયેટેડકોલેજીસ સર્વિસીઝ ટ્રિબ્યુનલ એક્ટ ૧૯૮૨ની અમલવારી પહેલા જે કાયદાની જોગવાઇ હતી તેનો પુનઃ અમલ કરવો હોય તો યોગ્ય કાર્યવાહી કરવી પડે તેમ હતી. યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય જશવંત ઠક્કરે અગાઉ સિન્ડિકેટની બેઠકમાં આ મુદ્દે રજૂઆત કરીને તે અંગેનો જરૂર ઠરાવ કરાવ્યો હતો. નિયમ પ્રમાણે સિન્ડિકેટમાં પસાર થયા બાદ તેને સેનેટની મંજૂરી મળવી જોઈએ તે જરૂરી છે. ગઈકાલે યુનિવર્સિટીમાં મળેલી સેનેટની વાર્ષિક બેઠકમાં પણ આ ઠરાવ મંજૂર કરી દેવામાં આવ્યો હતો. જેના કારણે હવે કોઈપણ કોલેજના સંચાલકોએ પ્રોફેસરોને નોકરીમાંથી દૂર કરતાં પહેલા યુનિવર્સિટીના કુલપતિની મંજુરી લેવી પડશે.

વાચકોને આમંત્રણ

સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

‘મારું માયાળુ મોસાળ’